GJSR010029132026

રજૂ તારીખ : ૦૩.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૦૩.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૯.૦૩.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦ ૦ ૦૬

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક સત્ર**
**ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત**

**ફોજદારી જા. અરજી નં.૧૬૧૩/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૩૩૮૨૩૩/૨૦૨૫**

અરજદાર/આરોપીઃ પ્રવિણભાઇ જીલુભાઇ ધાધલ.
ઉ.આ.૫૧ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ ફ્લેટ નં.આઇ/૫૦૪, સ્ટાર પેલેસ,
ક્રિષ્ણા રેસીડેન્સીની સામે, કોસાડ રોડ, સુરત.
હાલ રહે–લાજપોર મધ્યસ્થ જેલ, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ શ્રી સરકાર.

**વિષયઃ બી.એન.એસ.ની કલમ.૪૮૩ મુજબની જામીન અરજી**

અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.પી.ગલાણી.
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા.

## ચૂકાદો

(૧) અરજદાર–આરોપીએ સુરત શહેર સાયબર ક્રાઇમ

પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૬૨૨૫૦૦૫૬/ ૨૦૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૯(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧(૨), ૩(૫), ૩૩૮ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ સને–૨૦૧૮ ની કલમ– ૬૬(ડી) અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) અરજદાર–આરોપીના વિ.વ.શ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપીની પોલીસે તા.૯–૧૦–૨૦૨૫ ના રોજ અટક કરી તા.૧૦–૧૦–૨૦૨૫ ના રોજ નામ.કોર્ટમાં રજૂ કરવામાં આવેલા અને ત્યારબાદ અરજદાર/આરોપીને નામ.કોર્ટે તારીખ ૧૫–૧૦–૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજૂર કરેલા. ત્યારબાદ રીમાન્ડ સમય પુરી થતાં અરજદાર/આરોપીને નામ.કોર્ટ સમક્ષ રજૂ કરતાં અરજદાર/આરોપીને નામ.કોર્ટે જયુડી.કસ્ટડીમાં મોકલી આપેલ છે ત્યારથી જયુડી.કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી એફ.આઈ.આર. દાખલ થયેલ ત્યારથી જયુડી.કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીએ અગાઉ જા.અ.નં.૮૮૪૨/૨૦૨૫ થી દાખલ કરેલ જે તારીખ – ૨૧–૧૧–૨૦૨૫ ના રોજ નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ ત.ક.અ. દ્વારા સદર કામે તા.૧૫–૧૨–૨૦૨૫ ના રોજ ચાર્જશીટ રજૂ કરતાં ફો.કે.નં.૩૩૮૨૩૩/૨૦૨૫ થી કેસ નોંધવામાં આવેલ છે. અરજદાર/આરોપી હદય રોગની બિમારીથી પીડાય છે અને હદય રોગનાં હુમલાઓ આવેલા છે. અરજદાર/આરોપીની સારવાર પણ સમયાંતરે ચાલી આવેલ છે. અરજદાર/આરોપીના કુટુંબ પરિવારમાં

તેઓ એકલા કમાવનાર છે. અરજદાર/આરોપીને લાંબા સમય જેલમાં રહેવું પડે તો તેમના કુટુંબને પારાવાર મુશ્કેલીમાં મુકાય જવું પડે તેમ છે તેમજ કેસ ચાલતા ખુબ જ લાંબો સમય લાગે તેમ છે. અરજદાર/ આરોપી પાસેથી રીકવરી થયેલ નથી. અરજદાર/આરોપી સુરતના સ્થાનિક રહેવાસી છે. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીના જામીન મંજૂર કરવા વિનંતી કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક-૩ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

(૩) હાલની અરજીના અનુસંધાને સામાવાળાને નોટિસ ઈસ્યુ કરતાં ફરિયાદપક્ષ તરફે વિ.ડી.જી.પી.શ્રી હાજર થયેલ છે. તેમણે રજુઆત કરેલ છે કે, આ ગુનાની તપાસ દરમ્યાન અરજદાર/આરોપી પાસેથી અલગ અલગ બેંકોના કુલ-૧૫૫ બેંક એકાઉન્ટો મળી આવેલ તેની માહિતી મેળવવામાં આવેલ તેમાં કુલ રૂ.૧,૬૪,૭૬,૮૬,૬૧૩/ (એકસો ચોસઠ કરોડ છોતેર લાખ છયાસી હજાર છસો) ના ટ્રાન્જેકસનો થયેલ છે. આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ હાલમાં દુબઇ ખાતે છે અને તેઓ ચાઇનીઝ ગેંગ સાથે મળી આ અલગ અલગ એમ.ઓ.થી સાયબર ક્રાઇમના ગુના આચરી તેમાં આ બેંક એકાઉન્ટોનો ઉપયોગ કરતાં હોવાની હકીકત જણાય આવેલ છે જે જોતાં આ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝ ક્રાઇમ રેકેટ જણાય આવે છે. હાલના અરજદાર/આરોપીએ પોતાના એકાઉન્ટનો ઉપયોગ કરેલ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો બેંક એકાઉન્ટ ધારકોને ડરાવે, ધમકાવે, ફોડે અને ગુનાની તપાસમાં

અવરોધ પેદા કરી રોકાણકારોને પુરાવો આપવામાં રોકે તેવી પુરેપુરી શકયતા રહેલી છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ અન્ય ગુનાઓ પણ નોંધાયેલા છે. અરજદાર/આરોપીને જામીન આપવામાં આવશે તો તે પોતાની આવી છેતરપિંડીની કાર્યપ્રવૃત્તિ ચાલુ રાખશે તે શકયતા પણ નકારી શકાય તેમ નથી તેમજ હાલમાં સાયબર ક્રાઇમના ગુનાઓ વધુ પ્રમાણમાં બની રહેલ હોય અને તે સાયબર ક્રાઇમના ગુનાઓમાં હાલના અટક કરેલ આરોપીઓ બેંક એકાઉન્ટો પુરા પાડતા હોય તે ધ્યાને લઇએ તો હાલના અરજદાર/આરોપીને જામીન મંજૂર કરવામાં આવે તો આવા ગુનાઓ આચરનાર આરોપીઓને મોકળો માર્ગ મળી રહે તેમ છે. જેથી સાયબર ક્રાઇમના ગુનાઓ અટકાવવા સારૂં ઉપરોકત હકીકતોને ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત નહીં કરવા રજૂઆત કરેલ છે.

(૪) બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆતો સાથે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. કેસનું રેકર્ડ ધ્યાને લેતાં જણાય છે કે, હાલનાં અરજદાર/આરોપી ધણા ગંભીર પ્રકારના સાયબર ફ્રોડનાં ગુનામાં સંડોવાયેલ છે. હાલનાં અરજદાર/આરોપી પોતે અગાઉથી ગુનાની જાણકારી સાથે પોતાનું એકાઉન્ટનો ઉપયોગ કરવા આપેલ છે. અરજદાર/આરોપીની અગાઉ વિગતવાર કારણો નોંધ જામીન અરજી નામદાર કોર્ટે નામંજૂર કરેલી. તે કારણોમાં હાલ બદલાવ આવેલ નથી. વધુમાં આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ હાલમાં દુબઇમાં છે , જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરિયાદી અને સાહેદોને ધાક ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે તેમ છે. આમ,અરજદાર/આરોપીનાં વિ. વકીલશ્રીએ જે રજુઆતો કરેલ છે

તેની સાથે સહમત થતો નથી અને સરકારી વકીલશ્રીએ પોતાની રજુઆતમાં તથા તપાસનીશ અધિકારીએ પોતાનાં સોગંદનામામાં જે દહેશત વ્યકત કરેલ છે તેની સાથે સહમત થાઉં છું. તેથી હાલનાં તબકકે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત્ત જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-- હુકમ :--**

અરજદાર/આરોપી- પ્રવિણભાઇ જીલુભાઇ ધાધલ, રહેવાસીઃ ફલેટ નં.આઇ/૫૦૪, સ્ટાર પેલેસ, ક્રિષ્ણા રેસીડેન્સીની સામે, કોસાડ રોડ, સુરતનાઓને સુરત શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન પાર્ટ-એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૬૨૨૫૦૦૫૬/૨૦૨૫ ના કામે બી. એન.એસ.ની કલમ-૩૧૯(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૬૧(૨), ૩(૫), ૩૩૮ તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ સને-૨૦૧૮ ની કલમ-૬૬(ડી) મુજબના કામે અરજદાર/ આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૯ મી, માહે-માર્ચ, સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૩.૨૦૨૬. (રાકેશ રજનીકાંત ભટ્ટ)
સુરત. બીજા અધિક સેશન્સ જજ, સુરત.
KPP Code No. G.J.00608.